# શ્રી મો. હ. પટેલ ગ્રામસેવા મહાવિદ્યાલય સમોડા-ગણવાડા

**અધ્યાપક માનવવિદ્યા (બિન અનામત) પરીક્ષા**

| ________________<br>ઉમેદવારનો બેઠક નંબર | **પ્રશ્નપુસ્તિકા કોડ A**<br>તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં | ________________<br>ખંડ નિરીક્ષકની સહી |
|---|---|---|

**ઉમેદવાર માટે અગતયની સુચનાઓ**

**(૧) ૧ થી ૨૧૦ પ્રશ્નો પુરેપુરા છપાયેલ છે કે કેમ?** (PART A ૯૦ & PART B ૧૨૦ સહ કુલ ૨૧૦) **તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પુરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોઈ** (Missing) **અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. ઉમેદવારને** OMR **ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેમનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા ઉપરાંત ફોજદારી ગુનાને પણ પાત્ર બનશે.**

**(૨) સર્વ પ્રથમ ઉમેદવારે એમની** OMR SHEET**માં જે સેટ** (A **અથવા** B **અથવા** C **અથવા** D) **દર્શાવેલ છે, એ જ સેટનું પ્રશ્નપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી. જો પ્રશ્નપત્રમાં દર્શાવેલ સેટ એમની** OMR SHEET**માં દર્શાવેલ સેટ કરતા અલગ હોય તો તુરંત જ ખંડ નિરીક્ષક આ બાબતે ધ્યાન દોરવું અને ખંડ નિરીક્ષક પાસેથી** OMR SHEET**માં દર્શાવેલ સેટ મુજબનું પ્રશ્નપત્ર મેળવી લેવું.** OMR SHEET **અને પ્રશ્નપત્રનો સેટ એકસરખો જ છે, તેની ખાતરી કર્યા બાદ જ** OMR SHEET **માં જવાબ આપવાનું ચાલુ કરવું**

**(૩) ઉમેદવારે** OMR SHEET **માં તેમનો બેઠક ક્રમાંક તથા પ્રશ્નપુસ્તિકા કોડ અને પ્રશ્નપુસ્તિકા ક્રમાંક લખવાનો રહેશે. ઉમેદવારે પોસ્ટનું નામ અને પરીક્ષાનો સમય ખરાઈ કરવો, પ્રશ્નપત્ર ક્રમાંક અને** OMR SHEET **ક્રમાંક સરખા હોવા જરૂરી છે.**

**(૪) આ પ્રશ્નપત્રમાં કુલ ૨૧૦ પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ૧ ગુણ છે. પ્રત્યેક પ્રશ્ન ઉત્તર** A, B C **અને** D **પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર** (OMR SHEET) **માં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?**

(A) **સુભાષચંદ્ર બોઝ** (B) **વિનોબા ભાવે**

(C) **મહાત્મા ગાંધી** (D) **સરદાર પટેલ**

**ઉત્તરપત્ર (OMR SHEET)માં** ⓐ ● ⓒ ⓓ ⓔ

**ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે આથી "B" નું વર્તુળ કાળું/ભૂરું** (ENCODE) **કરેલ છે.**

**પરીક્ષાર્થી જે સવાલનો જવાબ આપવા માંગતા ના હોય તે સવાલની સામે આપેલ વિકલ્પમાંથી "E" વિકલ્પ ઘાટું કરવું. વિકલ્પ "E" સાથે અન્ય કોઈ જવાબનો વિકલ્પ પણ ઘાટો કરેલ હશે તો જવાબ ખોટો ઠરશે.**

**(૫) પરીક્ષા શરૂ થયેથી પૂર્ણ થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.**

**(૬) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ નિયત જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.**

**(૭)** OMR **પદ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાક વાળા, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન માઈનસ પધ્ધતિથી કરવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને** OMR **ઉત્તરપત્ર વિકલ્પ** "E" **પર ઘાટું કરશે તો તેના માઈનસ ગુણ કાપવામાં આવશે નહિ.**

**(૮) ઉત્તરપત્ર** (OMR SHEET) **માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર** (OMR SHEET) **તપાસવામાં આવશે નહિ.**

**(૯) ઉત્તરપત્ર** (OMR SHEET) **માં પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે. અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.**

**(૧૦) ઉત્તરપત્ર** (OMR SHEET) **ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંને સહી વિનાના ઉત્તરપત્રો** (OMR SHEET) **વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે.**

**(૧૧) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદશિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.**

**(૧૨) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.**

**(૧૩) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો દર્શાવવાના રહેશે. અન્ય શાહી કે પેન્સિલ તથા સફેદ સહીનો ઉપયોગ કરી શકશે નહિ. તથા સફેદ શાહી** (WHITE INK), **બ્લેડ કે રબરથી અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહિ.**

**(૧૪) પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર સાથે લઈ જઈ શકશે.**

**(૧૫) મેળવેલ ગુણનું ગણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે: (સાચા જવાબની સંખ્યા** X **૧) - [(ખોટા જવાબની સંખ્યા** X **૦.૨૫ ) + (છેકછાક કે એક કરતા વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા** X **૦.૨૫) + (ખાલી છોડેલ જવાબની સંખ્યા** X **૦.૨૫)] = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ.**

**(૧૬) પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર** (OMR SHEET) **ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેલી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

**(૧૭) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.**

ROUGH WORK PAGE

## PART – A

**1.જો એક ચોક્કસ ભાષામાં 'FRIEND' ને 'HUMJTK' લખવામાં આવે, તો તે જ ભાષામાં 'CANDLE' ને કેવી રીતે લખવામાં આવશે?**

(A) EDRIRL (B) DCQHQK

(C) ESJFME (D) FYOBOC (E) નોટ એટેમ્પ્ટેડ

**2.એક સ્ત્રી તરફ આંગળી ચીંધીને પ્રમોદે કહ્યું, "તેણી મારા પિતાની એકમાત્ર પુત્રીની પુત્રી છે."** તો પ્રમોદ તે સ્ત્રીનો શું થાય?

(A) પિતા (B) મામા

(C) કાકા (D) ભાઈ (E) નોટ એટેમ્પ્ટેડ

**3.પિતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો ૬૦ વર્ષ છે. ૬ વર્ષ પહેલાં પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતા પાંચ ગણી હતી. તો ૬ વર્ષ પછી પુત્રની ઉંમર કેટલી હશે?**

(A) ૧૪ વર્ષ (B) ૨૦ વર્ષ

(C) ૧૮ વર્ષ (D) ૨૨ વર્ષ (E) નોટ એટેમ્પ્ટેડ

**4.એક માણસ દક્ષિણ તરફ ૫ કિમી ચાલે છે, પછી જમણી બાજુ વળીને ૩ કિમી ચાલે છે, ફરીથી ડાબી બાજુ વળીને ૫ કિમી ચાલે છે. હવે તે તેના શરૂઆતના બિંદુથી કઈ દિશામાં હશે?**

(A) દક્ષિણ (B) દક્ષિણ-પશ્ચિમ

(C) પશ્ચિમ (D) ઉત્તર-પશ્ચિમ (E) નોટ એટેમ્પ્ટેડ

**5.જો ૧ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ સોમવાર હોય, તો ૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ કયો વાર હશે?**

(A) મંગળવાર (B) બુધવાર

(C) ગુરુવાર (D) શુક્રવાર (E) નોટ એટેમ્પ્ટેડ

**6.'શાકભાજી, બટેટા અને કોબીજ' વચ્ચેનો સંબંધ દર્શાવતો શ્રેષ્ઠ ડાયાગ્રામ કયો છે?**

(A) ત્રણેય વર્તુળો એકબીજાને છેદે છે

(B) એક મોટું વર્તુળ જેની અંદર બે અલગ-અલગ વર્તુળો છે

(C) એક મોટું વર્તુળ જેની અંદર એક વર્તુળ અને બીજું બહાર

(D) ત્રણ અલગ-અલગ વર્તુળો

(E) નોટ એટેમ્પ્ટેડ

**7. ૪૦ બાળકોના વર્ગમાં રવિનું સ્થાન ઉપરથી ૧૫મું છે, તો તેનું સ્થાન નીચેથી કેટલામું હશે?** (A) ૨૫મું (B) ૨૬મું (C) ૨૪મું (D) ૨૭મું (E) નોટ એટેમ્પ્ટેડ

**8.એક સમાંતર શ્રેણી ૭, ૧૩, ૧૯, ..., ૨૦૫ માં કુલ કેટલા પદો છે?**

(A) ૩૩ (B) ૩૪

(C) ૩૫ (D) ૩૨ (E) નોટ એટેમ્પ્ટેડ

**9.નીચેના શબ્દોને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવો:**

૧. દહીં, ૨. ઘાસ, ૩. માખણ, ૪. દૂધ, ૫. ગાય.

(A) ૫, ૨, ૪, ૧, ૩ (B) ૫, ૨, ૩, ૪, ૧

(C) ૪, ૨, ૫, ૩, ૧ (D) ૨, ૫, ૪, ૩, ૧ (E) નોટ એટેમ્પ્ટેડ

**10. ખૂટતી કડી શોધો: ૮, ૨૭, ૬૪, ૧૨૫, ?**

(A) ૨૧૬ (B) ૧૯૬

(C) ૨૨૫ (D) ૨૫૦ (E) નોટ એટેમ્પ્ટેડ

**11. ૧૨ : ૧૪૪ :: ૧૫ : ?**

(A) ૧૮૦ (B) ૨૦૦

(C) ૨૨૫ (D) ૨૫૦ (E) નોટ એટેમ્પ્ટેડ

**12. જો અરીસામાં જોતા ઘડિયાળમાં ૯:૩૦ વાગ્યા હોય, તો વાસ્તવિક સમય શું હશે?**

(A) ૨:૩૦ (B) ૩:૩૦

(C) ૪:૩૦ (D) ૬:૩૦ (E) નોટ એટેમ્પ્ટેડ

**13. ખૂટતી સંખ્યા શોધો: નીચે આપેલ મેટ્રિક્સમાં '?' ના સ્થાને કઈ સંખ્યા આવશે?**

| | | |
|---|---|---|
| ૭ | ૪ | ૫ |
| ૮ | ૭ | ૬ |
| ૩ | ૩ | ? |
| ૨૯ | ૧૯ | ૩૧ |

(A) ૩ (B) ૪ (C) ૫ (D) ૬ (E) નોટ એટેમ્પ્ટેડ

**14. 'પુસ્તક : ગ્રંથાલય :: જહાજ : ?'**

(A) રસ્તો (B) આકાશ

(C) સમુદ્ર (D) બંદર (Dock) (E) નોટ એટેમ્પ્ટેડ

**15.જો 'MANGO' ને '13114715' લખાય, તો 'APPLE' ને કેવી રીતે લખવામાં આવશે?**

(A) 11616125 (B) 11515114

(C) 11615125 (D) 11616115 (E) નોટ એટેમ્પ્ટેડ

**16.એક ફોટા તરફ ઈશારો કરતા સુરેશે કહ્યું, "તે મારા પિતાના એકમાત્ર પુત્રનો પુત્ર છે." તો સુરેશનો તે છોકરા સાથે શું સંબંધ છે?**

(A) ભાઈ (B) કાકા

(C) પિતા (D) દાદા (E) નોટ એટેમ્પ્ટેડ

**17.A, B કરતા ઊંચો છે પણ C કરતા નીચો છે. D, E કરતા નીચો છે પણ B કરતા ઊંચો છે. જો C સૌથી ઊંચો હોય, તો સૌથી નીચું કોણ છે?**

(A) A (B) B (C) D (D) E (E) નોટ એટેમ્પ્ટેડ

**18.રીના ઉત્તર તરફ ૧૦ મીટર ચાલે છે, ત્યાંથી તે દક્ષિણ તરફ ૬ મીટર ચાલે છે. પછી તે પૂર્વ તરફ ૩ મીટર ચાલે છે. હવે તે તેના પ્રારંભિક બિંદુથી કેટલા અંતરે હશે?**

(A) ૫ મીટર (B) ૭ મીટર

(C) ૧૦ મીટર (D) ૪ મીટર (E) નોટ એટેમ્પ્ટેડ

**19.બપોરે ૧૨:૧૫ વાગ્યે ઘડિયાળના કલાક કાંટા અને મિનિટ કાંટા વચ્ચે કેટલા અંશનો ખૂણો બનશે?**

(A) ૯૦° (B) ૮૨.૫°

(C) ૬૭.૫° (D) ૪૫° (E) નોટ એટેમ્પ્ટેડ

**20.જો મહિનાનો ત્રીજો દિવસ રવિવાર હોય, તો તે જ મહિનાના ૨૫માં દિવસ પછીનો ચોથો દિવસ કયો હશે?**

(A) સોમવાર (B) મંગળવાર

(C) બુધવાર (D) ગુરુવાર (E) નોટ એટેમ્પ્ટેડ

**21. 'પુરુષો, પિતા અને વકીલ' વચ્ચેનો સંબંધ કયો આકૃતિ શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?**

(A) એક વર્તુળમાં બીજું, અને ત્રીજું બંનેને છેદતું

(B) ત્રણ અલગ અલગ વર્તુળો

(C) એક મોટા વર્તુળમાં બે નાના વર્તુળો જે એકબીજાને છેદે છે

(D) ત્રણ વર્તુળો જે એકબીજાને છેદે છે

(E) નોટ એટેમ્પ્ટેડ

**22. ક્રમ અને સ્થાન: 30 વિદ્યાર્થીઓની હરોળમાં મનીષ જમણી બાજુથી ૧૪મા ક્રમે છે. જો તે ડાબી બાજુ ૩ સ્થાન ખસે છે, તો હવે તેનું ડાબી બાજુથી સ્થાન કેટલામું હશે?**

(A) ૧૩મું (B) ૧૪મું

(C) ૧૫મું (D) ૧૬મું (E) નોટ એટેમ્પ્ટેડ

**23.એક શ્રેણી ૫, ૧૧, ૧૭, ૨૩... નું ૧૫મું પદ કયું હશે?**

(A) ૮૯ (B) ૯૫

(C) ૮૪ (D) ૭૯ (E) નોટ એટેમ્પ્ટેડ

**24.૧. વણાટ, ૨. કપાસ, ૩. કાપડ, ૪. સૂતર, ૫. શર્ટ.**

(A) ૨, ૪, ૧, ૩, ૫ (B) ૨, ૪, ૩, ૧, ૫

(C) ૪, ૨, ૧, ૩, ૫ (D) ૧, ૨, ૩, ૪, ૫ (E) નોટ એટેમ્પ્ટેડ

**25. ૨, ૬, ૧૨, ૨૦, ૩૦, ?**

(A) ૪૦ (B) ૪૨

(C) ૪૪ (D) ૪૬ (E) નોટ એટેમ્પ્ટેડ

**26. 'થર્મોમીટર : તાપમાન :: બેરોમીટર : ?'**

(A) ભેજ (B) દબાણ

(C) પવનની ગતિ (D) ભૂકંપ (E) નોટ એટેમ્પ્ટેડ

**27. નીચેનામાંથી કઈ આકૃતિ બાકીની ત્રણ કરતા અલગ છે?**

(A) ચોરસ (B) લંબચોરસ

(C) વર્તુળ (D) સમચોરસ (E) નોટ એટેમ્પ્ટેડ

**28.રામ અને શ્યામની ઉંમરનો ગુણોત્તર ૪:૫ છે. ૫ વર્ષ પછી આ ગુણોત્તર ૫:૬ થશે. તો રામની હાલની ઉંમર કેટલી?**

(A) ૨૦ વર્ષ (B) ૨૫ વર્ષ

(C) ૧૫ વર્ષ (D) ૨૪ વર્ષ (E) નોટ એટેમ્પ્ટેડ

**29.જો 'ORANGE' ને 'P S B O H F' લખાય, તો 'GUAVA' ને શું લખાય?**

(A) H V B W B (B) I W C X C

(C) H T B U B (D) F T Z U Z (E) નોટ એટેમ્પ્ટેડ

**30.સૂર્યોદય સમયે, અમિત અને સુમિત એકબીજાની સામે ઉભા રહીને વાતો કરી રહ્યા હતા. જો અમિતનો પડછાયો તેની બરાબર જમણી બાજુ પડતો હોય, તો સુમિતનું મોઢું કઈ દિશામાં હશે?**

(A) ઉત્તર (B) દક્ષિણ

(C) પૂર્વ (D) પશ્ચિમ (E) નોટ એટેમ્પ્ટેડ

**31.જો કોઈ સંખ્યાને ૮૯૯ વડે ભાગતા ૬૩ શેષ વધે છે, તો તે જ સંખ્યાને ૨૯ વડે ભાગતા કેટલી શેષ વધશે?**

(A) 3 (B) ૫ (C) ૪ (D) ૧ (E) નોટ એટેમ્પ્ટેડ

**32.બે સંખ્યાઓનો ગુ.સા.અ. ૧૨ છે અને તેમનો તફાવત ૧૨ છે. તો તે સંખ્યાઓ કઈ હોઈ શકે?**

(A) ૬૬, ૭૮ (B) ૭૦, ૮૨

(C) ૯૪, ૧૦૬ (D) ૮૪, ૯૬ (E) નોટ એટેમ્પ્ટેડ

**33.એક પરીક્ષામાં ૩૫% વિદ્યાર્થીઓ હિન્દીમાં નાપાસ થયા અને ૪૫% અંગ્રેજીમાં નાપાસ થયા. જો ૨૦% બંને વિષયમાં નાપાસ થયા હોય, તો બંને વિષયમાં પાસ થનાર વિદ્યાર્થીઓની ટકાવારી કેટલી?**

(A) ૨૦% (B) ૨૫%

(C) ૩૦% (D) ૪૦% (E) નોટ એટેમ્પ્ટેડ

**34.એક વસ્તુને ૨૪૦ રૂપિયામાં વેચતા ૧૦% ખોટ જાય છે. ૨૦% નફો મેળવવા માટે તેને કેટલા રૂપિયામાં વેચવી જોઈએ?**

(A) ૨૮૦ (B) ૩૦૦

(C) ૩૨૦ (D) ૩૬૦ (E) નોટ એટેમ્પ્ટેડ

**35.કયા વાર્ષિક વ્યાજના દરે કોઈ રકમ ૧૦ વર્ષમાં બમણી થશે?**

(A) ૮% (B) ૧૦% (C) ૧૨% (D) ૧૫% (E) નોટ એટેમ્પ્ટેડ

**36. ૧૦,૦૦૦ રૂપિયાનું ૧૦% લેખે ૨ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત કેટલો હશે?**

(A) ૧૦૦ રૂ. (B) ૨૦૦ રૂ.

(C) ૧૫૦ રૂ. (D) ૫૦ રૂ. (E) નોટ એટેમ્પ્ટેડ

**37. જો A:B = 2:3 અને B:C = 4:5 હોય, તો A:B:C શોધો.**

(A) ૮:૧૨:૧૫ (B) ૪:૬:૯

(C) ૨:3:૫ (D) ૮:૧૦:૧૫ (E) નોટ એટેમ્પ્ટેડ

**38. A એક કામ ૧૨ દિવસમાં અને B તે જ કામ ૧૮ દિવસમાં પૂરું કરે છે. જો બંને સાથે મળીને કામ કરે, તો કામ કેટલા દિવસમાં પૂરું થશે?**

(A) ૭.૨ દિવસ (B) ૮ દિવસ

(C) ૬.૫ દિવસ (D) ૧૦ દિવસ (E) નોટ એટેમ્પ્ટેડ

**39.એક ટ્રેન ૧૮૦ કિમી/કલાકની ઝડપે દોડે છે. તેની ઝડપ મીટર/સેકન્ડમાં કેટલી હશે?**

(A) ૪૦ મી/સે (B) ૪૫ મી/સે

(C) ૫૦ મી/સે (D) ૬૦ મી/સે (E) નોટ એટેમ્પ્ટેડ

**40. જો કોઈ માહિતીનો મધ્યક ૨૫ અને મધ્યસ્થ ૨૦ હોય, તો તેનો બહુલક શોધો.**

(A)૧૦ (B) ૨૦ (C) ૧૫ (D) ૫ (E) નોટ એટેમ્પ્ટેડ

**41. $x + ૧/x=$ ૫ હોય, તો $x^2+$ ૧/ $x^2$ની કિંમત કેટલી?**

(A) ૨૫ (B) ૨૭

(C) ૨3 (D) ૨૦ (E) નોટ એટેમ્પ્ટેડ

**42. $\sqrt{0.000૯}$ ની કિંમત કેટલી?**

(A) 0.3 (B) 0.03

(C) 0.003 (D) 3 (E) નોટ એટેમ્પ્ટેડ

**43.$(૨૫૬)^{0.૧૬}$ X $(૨૫૬)^{0.0૯}$ની કિંમત શું થાય?**

(A) ૪ (B) ૧૬ (C) ૬૪ (D) ૨૫૬.૨૫ (E) નોટ એટેમ્પ્ટેડ

**44. A અને B અનુક્રમે ૧૫,000 અને ૨0,000 રૂપિયાના રોકાણથી ધંધો શરૂ કરે છે. વર્ષના અંતે ૧૪,000 નફો થાય તો A નો ભાગ કેટલો?**

(A) ૬,000 (B) ૮,000

(C) ૭,000 (D) ૫,000 (E) નોટ એટેમ્પ્ટેડ

**45. જો ૧૫ માણસો એક કામ ૨૦ દિવસમાં કરે, તો ૧૨ માણસો તે જ કામ કેટલા દિવસમાં પૂરું કરશે?**

(A) ૨૨ દિવસ (B) ૨૫ દિવસ

(C) ૧૮ દિવસ (D) 30 દિવસ (E) નોટ એટેમ્પ્ટેડ

**46. જો a+b+c = 0 હોય, તો $a^3 + b^3 + c^3$બરાબર શું થાય?**

(A) 0 (B) abc (C) 3abc (D) 2abc (E) નોટ એટેમ્પ્ટેડ

**47. ૧ થી ૫૦ સુધીની તમામ એકી સંખ્યાઓનો સરેરાશ (મધ્યક) કેટલો?**

(A) ૨૫ (B) ૨૫.૫

(C) ૨૬ (D) ૨૪.૫ (E) નોટ એટેમ્પ્ટેડ

**48. એક નળ ટાંકીને ૬ કલાકમાં ભરે છે અને બીજો નળ તેને ૧૦ કલાકમાં ખાલી કરે છે. જો બંને નળ સાથે ખોલવામાં આવે તો ટાંકી ભરાતા કેટલો સમય લાગશે?**

(A) ૧૨ કલાક (B) ૧૫ કલાક

(C) ૧૮ કલાક (D) ૨૦ કલાક (E) નોટ એટેમ્પ્ટેડ

**49. એક વસ્તુની છાપેલી કિંમત પર ૧૦% અને ૨૦% ના ક્રમિક વળતર (Discount) પછી તે વસ્તુ કેટલા ટકા વળતરે વેચાઈ કહેવાય?**

(A) 30% (B) ૧૫%

(C) ૨૮% (D) ૨૫% (E) નોટ એટેમ્પ્ટેડ

**50. 3:૫ ના દરેક પદમાં કઈ સંખ્યા ઉમેરવાથી તે ગુણોત્તર ૫:૬ થાય?**

(A) ૬ (B) ૭ (C) ૧૨ (D) ૯ (E) નોટ એટેમ્પ્ટેડ

**51. બે સંખ્યાઓનો ગુણોત્તર 3:૪ છે. જો તેમનો લ.સા.અ. ૨૪૦ હોય, તો તેમાંથી નાની સંખ્યા કઈ હશે?**

(A) ૬0 (B) ૮0 (C) ૧૨0 (D) ૯0 (E) નોટ એટેમ્પ્ટેડ

**52. જો A ની આવક B કરતા ૨૫% વધારે હોય, તો B ની આવક A કરતા કેટલા ટકા ઓછી હશે?**

(A) ૨૫% (B) ૨0%

(C) ૧૫% (D) 33.33% (E) નોટ એટેમ્પ્ટેડ

**53. એક દુકાનદાર વસ્તુની કિંમતમાં ૨૦% વધારો કરે છે અને પછી તેના પર ૧૦% વળતર (Discount) આપે છે. તો તેને કુલ કેટલા ટકા નફો થશે?**

(A) ૧0% (B) ૫%

(C) ૮% (D) ૧૨% (E) નોટ એટેમ્પ્ટેડ

**54. ૭, ૧૭, ૨૨ અને ૪૭ માંથી કઈ સંખ્યા બાદ કરવાથી મળતી સંખ્યાઓ સમાન પ્રમાણમાં હોય?**

(A) ૧ (B) 3 (C) ૨ (D) ૪ (E) નોટ એટેમ્પ્ટેડ

**55. ૨૦ માણસો ૭ કલાક કામ કરીને એક કામ ૧૨ દિવસમાં પૂરૂં કરે છે, તો ૨૪ માણસો ૭ કલાક કામ કરીને તે જ કામ કેટલા દિવસમાં પૂરૂં કરશે?**

(A) ૧0 દિવસ (B) ૧૧ દિવસ

(C) ૮ દિવસ (D) ૧૨ દિવસ (E) નોટ એટેમ્પ્ટેડ

**56.એક માણસ તેની સામાન્ય ઝડપના 43 ભાગની ઝડપે ચાલતા તેની ઓફિસ ૧૦ મિનિટ મોડો પહોંચે છે. તો ઓફિસ પહોંચવાનો તેનો સામાન્ય સમય કેટલો?**

(A) ૨0 મિનિટ (B) 30 મિનિટ

(C) ૪0 મિનિટ (D) ૧૫ મિનિટ (E) નોટ એટેમ્પ્ટેડ

57. ૭, ૧૩, ૧૮, ૨૪, ૯, ૩, ૧૨, ૧૫, ૨૧ માં મધ્યસ્થ (Median) કયો છે?

(A) ૧૨ (B) ૧૩ (C) ૧૫ (D) ૯ (E) નોટ એટેમ્પ્ટેડ

58. જો a-b=૪ અને ab=૨૧ હોય, તો $a^3$-$b^3$ની કિંમત શોધો.

(A) ૩૧૬ (B) ૬૪

(C) ૩૨૦ (D) ૨૫૨ (E) નોટ એટેમ્પ્ટેડ

59. જો એક સાથે બે પાસા ઉછાળવામાં આવે તો બંને પાસા પરના અંકોનો સરવાળો ૯ આવે તેની સંભાવના?

(A) ૧/૯ (B) ૧/૩૬ (C) ૨/૯ (D)૨/૩૬ (E) નોટ એટેમ્પ્ટેડ

60. એક બેગમાં ૩ લાલ, ૪ લીલા અને ૫ કાળા દડા છે. જો એકસાથે ૨ દડાની પસંદગી કરવામાં આવે તો બંને દડા સમાન રંગના હશે તેની સંભાવના?

(A) ૧૭/૬૬ (B) ૧૮/૬૬

(C) ૧૯/૬૬ (D) ૨૦/૬૬ (E) નોટ એટેમ્પ્ટેડ

61. ભારતના બંધારણના કયા અનુચ્છેદ હેઠળ 'નાણાકીય કટોકટી' (Financial Emergency) લાદી શકાય છે?

(A) અનુચ્છેદ ૩૫૨ (B) અનુચ્છેદ ૩૫૬

(C) અનુચ્છેદ ૩૬૦ (D) અનુચ્છેદ ૩૭૦ (E) નોટ એટેમ્પ્ટેડ

62. ભારતના બંધારણમાં 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' (DPSP) કયા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યા છે?

(A) અમેરિકા (B) આયર્લેન્ડ

(C) કેનેડા (D) ઓસ્ટ્રેલિયા (E) નોટ એટેમ્પ્ટેડ

63. બંધારણના કયા સુધારા દ્વારા 'મિલકતનો અધિકાર' મૂળભૂત અધિકારોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યો હતો?

(A) ૪૨મો સુધારો (B) ૪૪મો સુધારો

(C) ૫૨મો સુધારો (D) ૬૧મો સુધારો (E) નોટ એટેમ્પ્ટેડ

64. રાજ્યસભાના અધ્યક્ષ (Chairman) તરીકે કોણ સેવા આપે છે?

(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન

(C) ઉપરાષ્ટ્રપતિ (D) લોકસભાના સ્પીકર (E) નોટ એટેમ્પ્ટેડ

65. ભારતીય બંધારણની કઈ અનુસૂચિ (Schedule) 'પક્ષાંતર વિરોધી કાયદા' (Anti-Defection Law) સાથે સંબંધિત છે?

(A) ૮મી અનુસૂચિ (B) ૯મી અનુસૂચિ

(C) ૧૦મી અનુસૂચિ (D) ૧૧મી અનુસૂચિ (E) નોટ એટેમ્પ્ટેડ

66. સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક (Joint Sitting) કોણ બોલાવે છે?

(A) વડાપ્રધાન (B) લોકસભા સ્પીકર

(C) રાષ્ટ્રપતિ (D) ઉપરાષ્ટ્રપતિ (E) નોટ એટેમ્પ્ટેડ

**67. ભારતના બંધારણના કયા ભાગમાં 'મૂળભૂત ફરજો' (Fundamental Duties) નો સમાવેશ કરવામાં આવ્યો છે?**

(A) ભાગ III (B) ભાગ IV

(C) ભાગ IV-A (D) ભાગ V (E) નોટ એટેમ્પ્ટેડ

**68. હાઈકોર્ટના ન્યાયાધીશ કોને સંબોધીને પોતાનું રાજીનામું આપે છે?**

(A) રાજ્યપાલ (B) ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)

(C) રાષ્ટ્રપતિ (D) મુખ્યમંત્રી (E) નોટ એટેમ્પ્ટેડ

**69. પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો કયા સુધારા દ્વારા આપવામાં આવ્યો હતો?**

(A) ૭૧મો સુધારો (B) ૭૨મો સુધારો

(C) ૭૩મો સુધારો (D) ૭૪મો સુધારો (E) નોટ એટેમ્પ્ટેડ

**70. બંધારણના કયા અનુચ્છેદને ડૉ. બી.આર. આંબેડકરે 'બંધારણનો આત્મા અને હૃદય' કહ્યો છે?**

(A) અનુચ્છેદ ૧૪ (B) અનુચ્છેદ ૧૯

(C) અનુચ્છેદ ૨૧ (D) અનુચ્છેદ ૩૨ (E) નોટ એટેમ્પ્ટેડ

**71. વર્ષ ૨૦૨૬માં ૧૯મી એશિયન ગેમ્સનું આયોજન કયા દેશમાં કરવામાં આવ્યું છે?**

(A) ભારત (B) જાપાન

(C) દક્ષિણ કોરિયા (D) કતાર (E) નોટ એટેમ્પ્ટેડ

**72. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Veo' મોડેલ કઈ કંપની દ્વારા વિકસિત કરવામાં આવેલ વિડિયો જનરેશન AI છે?**

(A) OpenAI (B) Meta

(C) Google (D) Microsoft (E) નોટ એટેમ્પ્ટેડ

**73. વર્ષ ૨૦૨૬ના 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઇન્ડેક્સ' માં ભારતનો ક્રમ કયો છે?**

(A) ૧૪૨મો (B) ૧૫૦મો

(C) ૧૬૧મો (D) ૧૫૯મો (E) નોટ એટેમ્પ્ટેડ

**74. ભારતના વર્તમાન ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) કોણ છે?**

(A) જનરલ મનોજ પાંડે (B) જનરલ અનિલ ચૌહાણ

(C) એડમિરલ આર. હરિ કુમાર (D) એર ચીફ માર્શલ વી.આર. ચૌધરી

(E) નોટ એટેમ્પ્ટેડ

**75. તાજેતરમાં કયા ભારતીય રાજ્યે 'યુનિફોર્મ સિવિલ કોડ' (UCC) બિલ પસાર કરીને તેને લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે?**

(A) ગુજરાત (B) ઉત્તરાખંડ

(C) આસામ (D) રાજસ્થાન (E) નોટ એટેમ્પ્ટેડ

**76. ૨૦૨૬ના ફિફા (FIFA) વર્લ્ડ કપનું આયોજન સંયુક્ત રીતે કયા દેશો દ્વારા કરવામાં આવશે?**

(A) અમેરિકા, મેક્સિકો અને કેનેડા (B) બ્રાઝિલ અને આર્જેન્ટિના

(C) ફ્રાન્સ અને જર્મની (D) સાઉદી અરેબિયા અને યુએઈ

(E) નોટ એટેમ્પ્ટેડ

**77. તાજેતરમાં ભારતના કયા શહેરમાં દેશની પ્રથમ 'અન્ડરવોટર મેટ્રો' સેવાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું?**

(A) મુંબઈ (B) કોચી

(C) કોલકાતા (D) ચેન્નાઈ (E) નોટ એટેમ્પ્ટેડ

**78. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ભારતનો જીડીપી (GDP) વૃદ્ધિ દર RBI દ્વારા કેટલો અંદાજવામાં આવ્યો છે?**

(A) ૬.૫% (B) ૭.૦%

(C) ૭.૨% (D) ૬.૮% (E) નોટ એટેમ્પ્ટેડ

**79. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'આદિત્ય-L1' મિશન શેના અભ્યાસ માટે મોકલવામાં આવ્યું છે?**

(A) ચંદ્ર (B) મંગળ

(C) સૂર્ય (D) શુક્ર (E) નોટ એટેમ્પ્ટેડ

**80. કયા ભારતીય ખેલાડીએ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦,૦૦૦ રન પૂરા કર્યા છે?**

(A) શુભમન ગિલ (B) યશસ્વી જયસ્વાલ

(C) ઋષભ પંત (D) સૂર્યકુમાર યાદવ (E) નોટ એટેમ્પ્ટેડ

**<u>પ્રશ્નો ( 81 થી 85 )</u>**

ભારત એક કૃષિપ્રધાન દેશ છે, જ્યાં વસ્તીનો મોટો ભાગ હજુ પણ આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં, ભારતીય અર્થતંત્રમાં સેવા ક્ષેત્ર (Service Sector) નો ફાળો નોંધપાત્ર રીતે વધ્યો છે, પરંતુ ખાદ્ય સુરક્ષા અને ગ્રામીણ રોજગારી માટે કૃષિ ક્ષેત્રનું મહત્વ અકબંધ છે. સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે અનેક યોજનાઓ જેવી કે ‘પીએમ-કિસાન’ અને ‘પાક વીમા યોજના’ અમલમાં મૂકવામાં આવી છે. જોકે, અનિયમિત વરસાદ અને આબોહવા પરિવર્તન હજુ પણ ભારતીય ખેતી માટે મોટા પડકારો છે. ટેકનોલોજી અને આધુનિક સિંચાઈ પદ્ધતિઓના ઉપયોગ દ્વારા આ પડકારોને પહોંચી વળવા પ્રયાસો થઈ રહ્યા છે, જેથી રાષ્ટ્રીય જીડીપીમાં કૃષિનો હિસ્સો વધુ મજબૂત બનાવી શકાય.

**81. ભારતની વસ્તીનો મોટો ભાગ આજીવિકા માટે કોના પર નિર્ભર છે?**

(A) સેવા ક્ષેત્ર (B) ઉદ્યોગો

(C) કૃષિ (D) વિદેશી વેપાર (E) નોટ એટેમ્પ્ટેડ

**82. છેલ્લા દાયકાઓમાં અર્થતંત્રમાં કયા ક્ષેત્રનો ફાળો નોંધપાત્ર રીતે વધ્યો છે?**

(A) સંરક્ષણ ક્ષેત્ર (B) સેવા ક્ષેત્ર

(C) માછીમારી (D) ખનન ક્ષેત્ર (E) નોટ એટેમ્પ્ટેડ

**83. કઈ યોજના ખેડૂતોની આવક અને સહાય સાથે સીધી રીતે જોડાયેલી છે?**

(A) પીએમ-કિસાન (B) પીએમ-આવાસ

(C) ઉજ્જવલા યોજના (D) મુદ્રા યોજના (E) નોટ એટેમ્પ્ટેડ

**84. ભારતીય ખેતી માટે હાલમાં મુખ્ય પડકાર કયો છે?**

(A) બિયારણનો અભાવ (B) આબોહવા પરિવર્તન અને અનિયમિત વરસાદ

(C) શ્રમિકોની અછત (D) જમીનનો અભાવ (E) નોટ એટેમ્પ્ટેડ

**85. કૃષિ ક્ષેત્રનું મહત્વ મુખ્યત્વે શેના માટે અકબંધ છે?**

(A) ખાદ્ય સુરક્ષા અને ગ્રામીણ રોજગારી (B) શહેરી વિકાસ

(C) આંતરરાષ્ટ્રીય પ્રવાસન (D) સોફ્ટવેર નિકાસ (E) નોટ એટેમ્પ્ટેડ

**પ્રશ્નો ( 86 થી 90 )**

The global shift towards renewable energy is accelerating as nations strive to combat the adverse effects of climate change. Solar and wind energy have emerged as the primary alternatives to fossil fuels, offering a cleaner and more sustainable way to power industries and households. International agreements, such as the Paris Agreement, have pushed governments to set ambitious net-zero emission targets. However, the transition faces obstacles like high initial setup costs and the intermittency of natural resources. Advancements in battery storage technology are crucial to ensuring a steady power supply when the sun isn't shining or the wind isn't blowing. Promoting green energy not only protects the environment but also creates new job opportunities in the technology and manufacturing sectors.

**86.What is the primary reason for the global shift towards renewable energy?**

(A) To increase fossil fuel consumption

(B) To combat climate change

(C) To reduce job opportunities

(D) To stop industrialization

(E) Not attempted

**87.Which agreement has encouraged governments to set net-zero targets?**

(A) G20 Summit (B) World Trade Agreement

(C) Paris Agreement (D) Kyoto Protocol (E) Not attempted

**88.What are the two major sources of renewable energy mentioned?**

(A) Coal and Petroleum (B) Solar and Wind

(C) Nuclear and Gas (D) Hydro and Biomass (E) Not attempted

**89.What is a major obstacle mentioned in the transition to green energy?**

(A) Lack of sunlight (B) High initial setup costs

(C) Low global demand (D) Excessive battery storage (E) Not attempted

**90.Why is battery storage technology considered crucial?**

(A) To increase the cost of energy

(B) To replace solar panels

(C) To ensure steady power supply during intermittency

(D) To reduce the number of jobs

(E) Not attempted

## PART – B

**91.'અર્થશાસ્ત્ર એ વિજ્ઞાન છે જે માનવીની અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવા માટે માર્યાદિત સાધનોની કેવી રીતે વૈકલ્પિક ઉપયોગ કરવો તેમાં માનવવર્તનનો અભ્યાસ કરે છે' એમ કોણે કહ્યું છે.**

(A) પ્રો. એડમ સ્મિથ (B) પ્રો આલ્ફ્રેડ માર્શલ

(C) પ્રો. લાયોનલ રોબિન્સ (D) પ્રો માલ્થસ (E) Not attempted

**92.જે બજારમાં અસંખ્ય ખરીદનારાઓ, અસંખ્ય વેચનારાઓ, એક સમાન વસ્તુ અને કિમતો હોય તે બજાર વ્યવસ્થાને કેવું બજાર કહેવાય?**

(A) માંગની મૂલ્ય સાપેક્ષતા (B) અલ્પ હસ્તક ઈજારો

(C) દ્વિહસ્તક ઈજારો (D) પૂર્ણ હરિફાઈ (E) Not attempted

**93.પ્રો. માર્શલે સંપત્તિ અંગે નીચેનામાંથી કયા લક્ષણો આપ્યા છે?**

(A) તે વસ્તુમાં તુષ્ટિગુણ હોવો જોઈએ (B) તેની અછત હોવી જોઈએ

(C) તે વસ્તુ બાહ્ય હોવી જોઈએ (D) (A), (B), (C) ત્રણેય

(E) Not attempted

**94.કોઈપણ દેશમાં કોઈ એક વર્ષ દરમિયાન ચીજવસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનને તે દેશની તે વર્ષનું શું કહેવામાં આવે છે?**

(A) માંગ (B) પુરવઠો

(C) ઉત્પાદન (D) રાષ્ટ્રીય આવક (E) Not attempted

**95.અન્ય પરિબળો ન બદલાયતો અમુક કીમતે થતી વસ્તુની માંગ તેથી વધુ કીમતે થતી વસ્તુની માંગ કરતા વધારે હોય છે એમ કોણે કહ્યું છે?**

(A) ફ્રેડરિક બેન્હામ (B) આલ્ફ્રેડ માર્શલ

(C) એસ ઈ થોમસ (D) એડમ સ્મિથ (E) Not attempted

**96.અન્ય પરિબળો યથાવત રહેતા ચીજવસ્તુ કે સેવાની કિમતમાં ઘટાડો થતાં ચીજવસ્તુ કે સેવાની કીમતમાં ઘટાડો થતા માંગ ....................છે.**

(A) સ્થિર રહે (B) ઘટે

(C) વધે (D) અસ્થિર બને (E) Not attempted

**97.જયારે એક વસ્તુનો ઉપયોગ બીજી વસ્તુ વિના શક્ય ન બની શકે ત્યારે તેવી વસ્તુઓને કેવી વસ્તુઓ તરીકે ઓળખાય છે?**

(A) માંગનું વિસ્તરણ (B) માંગ વિધેય
(C) અવેજી વસ્તુ (D) પુરક વસ્તુ (E) Not attempted

**98.નીચેનામાંથી કયું પુરવઠાના નિયમની ધારણા છે?**

(A) કરવેરાનું પ્રમાણ સ્થિર છે. (B) ઔદ્યોગિક ક્રાંતિ
(C) ઉત્પાદન ખર્ચ (D) રાજ્ય તરફથી અપાતું પ્રોત્સાહન (E) Not attempted

**99.એક એવો વિસ્તારકે જેમાં ગ્રાહકો તથા વેચનારાઓ ક્યાંકતો પ્રત્યક્ષ રીતે કે મધ્યસ્થી દ્વારા એકબીજાના સંપર્કમાં હોય અને વિનિમયની પ્રક્રિયા થતી હોય તેને શું કહેવાય?**

(A) વેચાણ ખર્ચ (B) ઈજારો
(C) બજાર (D) ઉત્પાદન ખર્ચ (E) Not attempted

**100.નીચેના માંથી કોણ ઈજારાદાર હોય છે?**

(A) કિમત સ્વીકારનાર
(B) કિમત નિર્ધારિત કરનાર
(C) કિમત પ્રત્યે બેદરકારી ધરાવનાર
(D) બજારમાં કિમત પ્રત્યે ખૂબ સભાનતા ધરાવનાર
(E) Not Attempted

**101.નીચેના પૈકી કયા અર્થશાસ્ત્રીએ નાણાકીય ફુગાવા અને ભાવ ફુગાવા વચ્ચેનો તફાવત સમજાવ્યો છે?**

(A) પ્રો. કેઇન્સ (B) પ્રો. ફ્રીડમેન
(C) પ્રો. પોલ આઈન્ઝીંગ (D) પ્રો. કાઉથાર (E) Not attempted

**102.નીચેના પૈકી કયું લક્ષણ ફુગાવાનું છે?**

(A) ફુગાવો એક નાણાકીય ઘટના છે.
(B) ફુગાવો એ સ્વયં વિકસિત પ્રક્રિયા છે.
(C) ફુગાવો એક ભાવ વધારાની પ્રક્રિયા છે.
(D) (A), (B), (C) ત્રણેય
(E) Not Attempted

**103.નાણાની ખરીદશક્તિમાં સતત વધારો થતાં જે પરિસ્થિતિનું સર્જન થાય તેને શું કહેવાય?**

(A) ફુગાવો (B) નાણાકીય ફુગાવો
(C) નાણાનો પુરવઠો (D) મંદી (E) Not attempted

**104.દેશને ફુગાવાની પરિસ્થિતિ માંથી દૂર રાખવા નાણાંકીય નીતિના કયા ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખવો જોઈએ?**

(A) ભાવ સ્થિરતા (B) પૂર્ણ રોજગારી
(C) વિનિમય દરમાં સ્થિરતા (D) રેપોરેટ (E) Not attempted

**105.નીચેના માંથી કયો વિશ્વબેંક (World Bank) નો હેતુ નથી?**

(A) ગરીબી દૂર કરવી

(B) ખાનગી રોકાણને સહાયક બનાવવું

(C) માનવ વિકાસ કરવો

(D) લેણદેણની તુલામાં સમતુલા સ્થાપવામાં સહાયક બનવું

(E) Not attempted

**106.નીચેના માંથી કોણ સભ્ય દેશોને આર્થિક સહાય ઉપરાંત ટેકનિકલ માર્ગદર્શન, તાલીમ વગેરે પૂરું પાડે છે?**

(A) UNDP (B) IMF

(C) IBRD (D) SDR (E) Not attempted

**107.નીચેના માંથી કઈ બાબત જાહેર ખર્ચ સૂચવે છે?**

(A) જાહેર સંપતિનું નિર્માણ (B) કરવેરા

(C) વિદેશી ઋણ (D) ખાધ પૂરવણી (E) Not attempted

**108.ઉત્પાદનના એકમોમાં એક એકમની વધઘટ કરવાથી કુલ ઉત્પાદન ખર્ચમાં થતી વધઘટને તે એકમનો કયો ખર્ચ કહેવાય?**

(A) સરેરાશ ખર્ચ (B) કુલ ખર્ચ

(C) સીમાંત ખર્ચ (D) અસ્થિર ખર્ચ (E) Not attempted

**109.નીચેનામાંથી કયું તૃષ્ટિગુણનું લક્ષણ છે?**

(A) સ્થળ તૃષ્ટિગુણ (B) સમય તૃષ્ટિગુણ

(C) સેવા તૃષ્ટિગુણ (D) તૃષ્ટિગુણ અને સાપેક્ષતા (E) Not attempted

**110. "સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક ઉદ્દીપક પરિસ્થિતિના સંબંધમાં વ્યક્તિઓના અનુભવ અને વર્તનનો વૈજ્ઞાનિક અભ્યાસ છે." - આ વ્યાખ્યા કોણે આપી છે?**

(A) વિઝલર (B) શેરિફ અને શેરિફ

(C) મેકડુગલ (D) કુપ્પુસ્વામી (E) Not attempted

**111. કયા મનોવૈજ્ઞાનિક મનોવિજ્ઞાનને વ્યક્તિના વર્તનનું અને માનવશાસ્ત્રને જૂથવર્તનનું વિજ્ઞાન કહે છે?**

(A) વિઝલર (B) આલ્પોર્ટ

(C) હેલસન (D) ગિલ્ફોર્ડ (E) Not attempted

**112. ક્રેચ, ક્રચફિલ્ડ અને બેલેચીના મતે બોધનાત્મક વ્યવસ્થાના વિકાસને સમજવા માટેના બે અભિગમો કયા છે?**

(A) પ્રેરણા અને આવેગ (B) સહજવૃત્તિ અને અનુભવ

(C) ઉદ્દીપક નિર્ણાયકો અને અનુભવનો ફાળો (D) વલણ અને વર્તન

(E) Not attempted

**113. 'અનુકૂલન કક્ષાના સિદ્ધાંત' (Adaptation Level Theory) ના પ્રણેતા કોણ છે?**

(A) અકોલકર (B) ગિલ્ફોર્ડ

(C) લિકેર્ટ (D) હેલસન (E) Not attempted

**114.સામાજિક વર્તનનો ઉદભવ સમજાવવા માટે"સહજવૃત્તિનો સિદ્ધાંત"(Theory of Instinct) કોણે પ્રસ્તુત કર્યો?**

(A) મેકડુગલ (B) શેરિફ

(C) આલ્પોર્ટ (D) વર્થેમર (E) Not attempted

**115. પ્રેરકને પ્રવૃત્તિનો પ્રારંભ કરનારું અને તેને જાળવી રાખનારું 'આંતરિક ઘટક' તરીકે કોણ ઓળખાવે છે?**

(A) લિકેર્ટ (B) ગિલ્ફોર્ડ

(C) કુપ્પુસ્વામી (D) વિઝલર (E) Not attempted

**116. કયા મનોવૈજ્ઞાનિકો વલણને 'અનુભવે ઘડાતી માનસિક તત્પરતા' તરીકે પરિભાષિત કરે છે?**

(A) ક્રેચ અને બેલેચી (B) શેરિફ અને હેલસન

(C) અકોલકર અને આલ્પોર્ટ (D) મેકડુગલ અને ગિલ્ફોર્ડ (E) Not attempted

**117. વલણ-માપનની 'લિકેર્ટની પદ્ધતિ' બીજા કયા નામે ઓળખાય છે?**

(A) સહજવૃત્તિ માપન પદ્ધતિ (B) સરવાળારૂપ માપન પદ્ધતિ

(C) પ્રત્યક્ષીકરણ પદ્ધતિ (D) જૂથવર્તન પદ્ધતિ (E) Not attempted

**118. કુપ્પુસ્વામીના મતે બધાં પ્રત્યક્ષીકરણો કોની વચ્ચેની આંતરક્રિયા ઉપર રચાયેલા હોય છે?**

(A) માત્ર ભૂખ અને ઊંઘ

(B) સામાજિક અને રાજકીય પરિબળો

(C) સ્થાનિક ઉદ્દીપક, પ્રેરણા, પ્રોત્સાહન અને દૈહિક પરિબળો

(D) વંશપરંપરાગત અને પર્યાવરણીય પરિબળો

(E) Not attempted

**119. વર્થેમરે પ્રત્યક્ષીકરણમાં ભાગ ભજવતા કેટલા પરિબળો દર્શાવ્યાં છે?**

(A) ચાર (B) પાંચ

(C) છ (D) આઠ (E) Not attempted

**120. સ્વતંત્ર ભારતનું પંચાયતીરાજનું માળખું લોકશાહી વિકેન્દ્રીકરણના ચિંતનને આધારે નિમાયેલી કઈ સમિતિની ભલામણોને આધારે રચાયું છે અને અમલી થયું છે?**

(A) ભૂરીયા સમિતિ (B) શ્રી બળવંતરાય મહેતા સમિતિ

(C) અશોક મહેતા સમિતિ (D) કાકા કલેલકર સમિતિ (E) Not attempted

**121. પંચાયતીરાજનો મુખ્ય ઉદ્દેશ નીચેના માંથી કયો છે?**

(A) વિકાસના કાર્યોને ઝડપી બનાવવા

(B) રાષ્ટ્રનિર્માણની કામગીરીમાં પ્રજાનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત કરવો

(C) સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા વહીવટ સરળ અને ઝડપી બનાવવો

(D) (A), (B), (C) ત્રણેય

(E) Not attempted

**122. "પંચાયતો દ્વારા હિન્દુસ્તાનના અસંખ્ય ગ્રામજનો કારભાર ચાલતો હતો પરંતુ બ્રિટીશ સરકારે મહેસુલ વસુલ કરવાની તેની કઠોર પદ્ધતિથી આ ગ્રામસમાજોનો લગભગ નાશ કરી નાખ્યો" એમ કોણે કહ્યું છે?**

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) પંડિત જવાહરલાલ નહેરુ

(C) ગાંધીજી (D) સરદાર પટેલ (E) Not attempted

**123. કામને બદલે અનાજ યોજનાનો આરંભ કયા વર્ષમાં થયો હતો?**

(A) ઈ.સ. 1967 (B) ઈ.સ. 1977

(C) ઈ.સ. 1987 (D) ઈ.સ 1997 (E) Not attempted

**124. નીચેના માંથી ગ્રામ સ્વરાજનો પાયાનો સિદ્ધાંત છે.**

(A) ટ્રસ્ટ (B) વિકેન્દ્રીકરણ

(C) પંચાયતીરાજ (D) (A), (B), (C) ત્રણેય (E) Not attempted

**125. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અંતર્ગત કયા અનુચ્છેદમાં રાજ્યોને પંચાયતની સંસ્થાઓ રચવાની સત્તા આપવામાં આવી હતી?**

(A) અનુચ્છેદ- 40 (B) અનુચ્છેદ- 41

(C) અનુચ્છેદ- 42 (D) અનુચ્છેદ- 43 (E) Not attempted

**126. પંચાયતોની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ 1996 કઈ સમિતિની ભલામણોને કારણે અમલી બન્યો?**

(A) શ્રી દિલીપસિંહ ભૂરીયા સમિતિ (B) અશોક મહેતા સમિતિ

(C) બળવંત રાય મહેતા સમિતિ (D) રાણે પંચ (E) Not attempted

**127. નીચેના માંથી કયું શહેરી સ્થાનિક સંસ્થાનો પ્રકાર છે?**

(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત

(C) નગર પંચાયત (D) જિલ્લા પંચાયત (E) Not attempted

**128. સિદ્ધાંતની દ્રષ્ટિએ જ્ઞાતિ વ્યવસ્થા ...................સાથે સંકળાયેલ છે.**

(A) શ્રેણી (B) માપદંડ

(C) વર્ણ (D) વર્ગ (E) Not attempted

**129. નીચેના માંથી જ્ઞાતિવ્યવસ્થાના લક્ષણ છે:**

(A) અંતર્લગ્ન (B) પરંપરાગત વ્યવસાય

(C) ચઢ-ઉતરનો કોટિક્રમ (D) (A), (B), (C) ત્રણેય (E) Not attempted

**130. વર્ચસ્વપૂર્ણ જ્ઞાતિનો આધાર કયો છે?**

(A) સંખ્યાબળ (B) રિત- રિવાજો

(C) ધાર્મિક નિષેધ (D) જજમાની પ્રથા (E) Not attempted

**131. કોના મતમુજબ બહુસંખ્યાબળ ધરાવતી હોય અને રાજકીય બાબતોમાં અસર પડતી હોય તેવી જ્ઞાતિ પ્રભુત્વવાળી જ્ઞાતિ કહેવાય?**

(A) જી.એસ. ધૂર્યે (B) શ્રીનિવાસ

(C) આન્દ્રે બેતાઈ (D) યોગેન્દ્ર સિંઘ (E) Not attempted

**132. પોતાના સામજિક જૂથ જ્ઞાતિમાં લગ્ન કરવાનો રિવાજ એટલે?**

(A) કુલીનશાહી (B) આંતરલગ્ન

(C) બહિર્લગ્ન (D) (A), (B), (C) ત્રણેય (E) Not attempted

**133. કોના મતમુજબ જ્ઞાતિ સમુદાયોએ 'અર્ધ સમુદાયો' છે જે જ્ઞાતિઓના સભ્યોને સામજિક ગતિશીલતા, રાજકીય સત્તા અને આર્થિક લાભ પ્રાપ્ત કરવાની જોગવાઈ કરી આપે છે?**

(A) જી.એસ. ધૂર્યે (B) શ્રીનિવાસ

(C) ડેવિડ હાર્ડીમેન (D) રૂડોલ્ફ અને રૂડોલ્ફ (E) Not attempted

**134. બ્રિટીશ રાજ્યના અમલ દરમિયાન નવા ઉદ્યોગો, રેલ્વે, બગીચાઓના સીધા પરિણામ રૂપે કયો વર્ગ ઉદભવ્યો?**

(A) કારીગર (B) શ્રમજીવી

(C) બંધવા મજૂર (D) જમીનદાર (E) Not attempted

**135. ................. મુજબ કોટીક્રમ એ જ્ઞાતિ વ્યવસ્થાનું હાર્દ છે.**

(A) શ્રીનિવાસ (B) જી.એસ. ધૂર્યે

(C) જે.એચ. હટન (D) (A), (B), (C) એકેય નહિ (E) Not attempted

**136. કોના અભ્યાસમાં જોવા મળ્યું કે ખાનપાન અને વ્યવસાયને અનુલક્ષીને એક સરખી લાક્ષણિકતાઓ ધરાવવા છતાં પણ જ્ઞાતિઓ જુદી રીતે દરજ્જા ક્રમ મેળવે છે?**

(A) ડુમોન્ટ (B) જે.એચ. હટન

(C) મેરીઓટ (D) શ્રીનિવાસ (E) Not attempted

**137. ભક્તિ આંદોલનનો પ્રારંભ કઈ સદીમાં થયો હતો?**

(A) 7મી સદી (B) 8મી સદી

(C) 9મી સદી (D) 10મી સદી (E) Not attempted

**138. ભક્તિ આંદોલનના સૌથી પ્રથમ પ્રવર્તક કોણ હતા?**

(A) નિમ્બાર્ક (B) મધ્વાચાર્ય

(C) રામાનુજાચાર્ય (D) કબીર (E) Not attempted

**139. નીચેનામાંથી કોણ એકેશ્વરવાદી પરંપરાના સંત તરીકે ઓળખાય છે?**

(A) કબીર (B) રામાનંદ

(C) રૈદાસ (D) વલ્લભાચાર્ય (E) Not attempted

**140. બંગાળમાં ભક્તિ આંદોલનનું શ્રેય કોને અપાયું હતું?**

(A) જ્ઞાનેશ્વર (B) એકનાથ

(C) તુકારામ (D) જયદેવ (E) Not attempted

**141. કયા ગ્રંથમાંથી પૂર્વ વૈદિકકાળની સભ્યતાની જાણકારી મળે છે?**

(A) ઋગ્વેદ (B) સામવેદ

(C) યજુર્વેદ (D) અથર્વવેદ (E) Not attempted

**142. કયા નગરના મકાનોમાં પાકી ઈંટો ઉપયોગમાં લેવાઈ હતી?**

(A) લોથલ (B) કાલિંગન

(C) ધોળાવીરા (D) હડપ્પા (E) Not attempted

**143. સિંધુ સંસ્કૃતિ પછી ભારતમાં જે નવીન સભ્યતાનો વિકાસ થયો તે સંસ્કૃતિને કયા નામથી ઓળખવામાં આવે છે?**

(A) વૈદિક (B) સંહિતા

(C) ઉપનિષદ (D) આરણ્યક (E) Not attempted

**144. ઉત્તરવૈદિક સંસ્કૃતિનો સમય કયો માનવામાં આવે છે?**

(A) 1500 ઈ.પૂ. – 100 ઈ.પૂ. (B) 1000 ઈ.પૂ. – 600 ઈ.પૂ.

(C) 600 ઈ.પૂ. – 400 ઈ.પૂ. (D) A, B, Cમાંથી એકેય નહી (E) Not attempted

**145. વર્ષ 2016માં NGO પર દેખરેખ રાખવા માટે નાણા મંત્રાલયની સત્તાઓ કયા કાયદા હેઠળ મુકવામાં આવી હતી?**

(A) FCRA (B) FEMA

(C) PMLA (D) ગ્રાહક સુરક્ષા ધારો (E) Not attempted

**146. મેનેજમેન્ટ અને સંચાલન ક્ષેત્રે 'POSDCORB' ને શું માનવામાં આવે છે?**

(A) સામાજિક રિવાજ (B) આર્થિક સિદ્ધાંત

(C) પ્રતીમાન (Paradigm) (D) રાજકીય વ્યુહરચના (E) Not attempted

**147. SEWA સંસ્થાની સ્થાપના કોણે કરી હતી?**

(A) અરુણા રોય (B) મેધા પાટકર

(C) ઈલાબેન ભટ્ટ (D) પૂર્ણિમાબેન પકવાસા (E) Not attempted

**148. 'સર્વન્ટ ઓફ ઇન્ડિયા સોસાયટી' સંસ્થાની સ્થાપના 1905માં કોના દ્વારા કરવામાં આવી હતી?**

(A) મહાત્મા ગાંધી (B) ગોપાલ કૃષ્ણ ગોખલે

(C) દાદાભાઈ નવરોજી (D) બાલ ગંગાધર તિલક (E) Not attempted

**149. NGOના સંદર્ભમાં FCRA મુખ્યત્વે કઈ બાબત સાથે જોડાયેલ છે?**

(A) કર્મચારીઓની ભરતી (B) ટેક્સ માફી

(C) વિદેશી યોગદાનની પ્રાપ્તિ (D) પ્રોજેક્ટનું આયોજન (E) Not attempted

**150. ટીમ બિલ્ડીંગ (Team Building) ની થીયરી કોના દ્વારા આપવામાં આવી છે?**

(A) મેક્સ વેબર (B) બ્રુસ ટકમેન

(C) પિટર ડ્રકર (D) એબ્રાહમ માસ્લો (E) Not attempted

**151. 'મહારાષ્ટ્ર રાજ્યના પૂણે શહેરમાં બિન-સરકારી સંસ્થાઓની સમસ્યાઓ અને પડકારો' વિષય પર સંશોધન કોણે કરેલ છે?**

(A) રામ આહુજા અને એસ.કે. પ્રમાનિક (B) એમ.એન. શ્રીનિવાસ અને યોગેન્દ્ર સિંહ

(C) મોહમ્મદ અમીરી અને બેહઝાદ પાગેહ (D) એસ.સી. દુબે અને જી.એસ. ઘુર્યે

(E) Not attempted

**152. નીચેનામાંથી કઈ બાબત NGOના કાર્યક્ષેત્રની સામાજિક સમસ્યા ગણાય છે?**

(A) ભંડોળનો અભાવ

(B) ટેકનોલોજીનો ઓછો ઉપયોગ

(C) લોકો તરફથી મળતો નબળો પ્રતિસાદ

(D) સરકારી નિયમોમાં ફેરફાર

(E) Not attempted

**153. 'Rural Sociology' પુસ્તક કોણે લખ્યું છે?**

(A) સિમ્સ (B) નેલ્સન

(C) આન્દ્રે બેતાઈ (D) સ્મેલ્સર (E) Not attempted

**154. "Elements of Rural Sociology" પુસ્તકના લેખક કોણ છે?**

(A) એચ.બી. હોથોર્ન (B) સોરોકિન

(C) સિમ્સ (D) નિમ્કોફ (E) Not attempted

**155. આન્દ્રે બેતાઈએ તામિલનાડુના કયા જીલ્લાની 'અગ્રહરમ'નો અભ્યાસ કર્યો છે?**

(A) કોઈમ્બતુર (B) મદુરાઈ

(C) તાંજોર (D) સેલમ (E) Not attempted

**156. સોરોકિન અને ઝિમરમેનને ટાંકીને કોણ જણાવે છે કે, ગ્રામીણ સમાજમાંથી નગર સમુદાયમાં થતી સંક્રાંતિ ધીમે ધીમે થાય છે?**

(A) ઓગ્બર્ન (B) સ્મેલ્સર

(C) નેલ્સન (D) ગાંધીજી (E) Not attempted

**157. સ્થળાંતરને 'ભૌતિક ગતિશીલતા' કે 'રહેઠાણ સંબંધી ગતિશીલતા' તરીકે કોણ ઓળખાવે છે?**

(A) સોરોકિન અને ઝિમરમેન (B) આન્દ્રે બેતાઈ

(C) ઓગ્બર્ન અને નિમ્કોફ (D) એચ.બી. હોથોર્ન (E) Not attempted

**158. ભારતમાં ગ્રામ વિકાસનો ખ્યાલ કઈ વિચારસરણીની અસર હેઠળ વિકસ્યો છે?**

(A) માત્ર પશ્ચિમી વિચારસરણી (B) માત્ર ગાંધી વિચારસરણી

(C) પશ્ચિમી અને ગાંધી વિચારસરણી (D) સામ્યવાદી વિચારસરણી (E) Not attempted

**159. "ગુજરાત પંચાયત અધિનિયમ-1993" ની કઈ કલમમાં ગ્રામસભાની જોગવાઈ કરવામાં આવી છે?**

(A) કલમ-2 (33) (B) કલમ-5 (12)

(C) કલમ-10 (1) (D) કલમ-3 (22) (E) Not attempted

**160. "The Sociology of Rural Life" પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યું છે?**

(A) નેલ્સન (B) એચ.બી. હોથોર્ન

(C) સિમ્સ (D) ઝિમરમેન (E) Not attempted

**161. હોર્ટન અને લેસ્લીના મતે 'સામાજિક સમસ્યા' એટલે શું?**

(A) વ્યક્તિગત મુશ્કેલીઓની સ્થિતિ

(B) એવી પરિસ્થિતિ જે નોંધપાત્ર સંખ્યામાં લોકો પર અનિચ્છનીય અસર કરે છે

(C) માત્ર આર્થિક અસમાનતાની સ્થિતિ

(D) કુદરતી આપત્તિઓ દ્વારા સર્જાતી પરિસ્થિતિ

(E) Not attempted

**162. 1 જુલાઈ 1975માં 'ગરીબી હટાવો' માટે વીસ સૂત્રીય કાર્યક્રમ કોના દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો હતો?**

(A) પંડિત જવાહરલાલ નેહરુ (B) શ્રી અટલ બિહારી વાજપેયી

(C) સ્વ. શ્રીમતી ઇન્દિરા ગાંધી (D) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી

(E) Not attempted

**163. એમ.એન. શ્રીનિવાસના મતે 'જ્ઞાતિ' નું મુખ્ય લક્ષણ કયું છે?**

(A) તે વંશ પરંપરાગત આંતર્લગ્નની પ્રથા ધરાવતું જૂથ છે

(B) તે માત્ર વ્યવસાય આધારિત જૂથ છે

(C) તે આધુનિક વિચારધારાનું પરિણામ છે

(D) તે વસાહત મુક્ત જૂથ છે

(E) Not attempted

**164. ભારતીય બંધારણની કઈ કલમોમાં 'સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો' (SEBC) નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?**

(A) કલમ 14 અને કલમ 17 (B) કલમ 15(4) અને કલમ 340

(C) કલમ 21 અને કલમ 45 (D) કલમ 51(A) અને કલમ 356

(E) Not attempted

**165. 'ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ' કયા વર્ષમાં અમલમાં આવ્યો?**

(A) 2000 (B) 2002

(C) 2005 (D) 2010 (E) Not attempted

**166. National Health Profile 2018 મુજબ, વર્ષ 1973માં ભારતમાં સરેરાશ આયુષ્ય કેટલા વર્ષ હતું?**

(A) 40.5 વર્ષ (B) 49.7 વર્ષ

(C) 55.2 વર્ષ (D) 60.0 વર્ષ (E) Not attempted

**167. "સમુદાય કે વ્યક્તિને આર્થિક વિકાસ માટે બળપૂર્વક હટાવવા" - આ વ્યાખ્યા પેબલો બોઝ દ્વારા શેના સંદર્ભમાં આપવામાં આવી છે?**

(A) સ્વૈચ્છિક સ્થળાંતર (B) શહેરીકરણ

(C) વિકાસ પ્રેરિત વિસ્થાપન (D) ઔદ્યોગિક ક્રાંતિ (E) Not attempted

**168. વિશ્વપ્રસિદ્ધ પર્યાવરણવાદી સુંદરલાલ બહુગુણાના મતે પર્યાવરણ પ્રદૂષણમાં સૌથી વધુ યોગદાન કોનું છે?**

(A) કુદરતી ફેરફારોનું (B) વધતી જતી વસ્તીનું

(C) આપણી વિકાસ યોજનાઓનું (D) જંગલી પ્રાણીઓનું (E) Not attempted

**169. ઇમાઇલ દુર્ખેમના મતે સમાજમાં નિયંત્રણતંત્રમાં ભંગાણની સ્થિતિને શું કહેવામાં આવે છે?**

(A) સહકારની સ્થિતિ (B) એનોમી (Anomie) ની સ્થિતિ

(C) સંતુલનની સ્થિતિ (D) સાંસ્કૃતિક પ્રગતિ (E) Not attempted

**170. નીતિ આયોગના અધ્યક્ષ કોણ હોય છે?**

(A) રાષ્ટ્રપતિ (B) ઉપ રાષ્ટ્રપતિ

(C) વડાપ્રધાન (D) નાણામંત્રી (E) Not attempted

**171. નીતિ આયોગનું ગઠન ક્યારથી થયું?**

(A) 2014 (B) 2015

(C) 2016 (D) 2017 (E) Not attempted

**172. નીચેનામાંથી કયું નીતિ આયોગનું સ્વાયત્ત એકમ છે?**

(A) અટલ ઇનોવેશન મિશન (AIM)

(B) વિકાસ દેખરેખ અને મૂલ્યાંકન કાર્યાલય (DMEO)

(C) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ લેબર ઇકોનોમિક્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (NIELRD)

(D) (A), (B), (C) ત્રણેય

(E) Not attempted

**173. નીચેનામાંથી કયું નીતિ આયોગના કાર્યક્ષેત્રમાં આવે છે?**

(A) શિક્ષણ (B) ઉર્જા

(C) આરોગ્ય (D) (A), (B), (C) ત્રણેય (E) Not attempted

**174. નીતિ આયોગની વિશેષતાઓ કઈ છે?**

(A) નીતિ અને કાર્યક્રમનું માળખું (B) સહકારી સંઘવાદ

(C) નિરીક્ષણ અને મૂલ્યાંકન (D) (A), (B), (C) ત્રણેય (E) Not attempted

**175. નીચેનામાંથી કઈ સહકારી મંડળીનો પ્રકાર છે?**

(A) કુટીર ઉદ્યોગ (B) માર્કેટીંગ મંડળી

(C) પ્રાથમિક કૃષિ ધિરાણ (D) A, B, C ત્રણેય (E) Not attempted

**176. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો?**

(A) 1960 (B) 1961
(C) 1962 (D) 1963 (E) Not attempted

**177. નીચેનામાંથી કયો સહકારનો સિદ્ધાંત છે?**
(A) સભ્યોની ભાગીદારી (B) સમાજ પ્રત્યે ઉત્તરદાયિત્વ
(C) સ્વાયત્તતા અને સ્વતંત્રતા (D) A, B, C ત્રણેય (E) Not attempted

**178. ગુજરાતની કઈ સહકારી પ્રવૃત્તિની દેશ અને દુનિયામાં નોંધ લેવાઈ રહી છે?**
(A) નાગરિક બેંક (B) પશુપાલન અને ડેરી
(C) મજૂર મંડળી (D) ખેતી મંડળી (E) Not attempted

**179. વિશ્વમાં કઈ સદીમાં લોકશાહી વિચારધારાને પુર્નજીવન આપ્યું?**
(A) 11મી સદી (B) 12મી સદી
(C) 13મી સદી (D) 14મી સદી (E) Not attempted

**180. ઈ.સ. 1776માં કયો દેશ આઝાદ થતા લોકશાહી સ્થપાઈ?**
(A) ઇંગ્લેન્ડ (B) અમેરિકા
(C) ફ્રાંસ (D) જર્મની (E) Not attempted

**181. નીચેનામાંથી કયું લોકશાહીનું લક્ષણ નથી?**
(A) બંધારણીય સરકાર (B) સ્વતંત્ર ન્યાયતંત્ર
(C) મુક્ત ચૂંટણી (D) પ્રમુખીય લોકશાહી (E) Not attempted

**182. નીચેનામાંથી કયો લોકશાહીનો લાભ ગણાય?**
(A) તે ખૂબ ખર્ચાળ છે. (B) ગુણવત્તાને બદલે સંખ્યાને મહત્વ
(C) ખૂબ જ ધીમેથી કામ થાય (D) માનવીય ગૌરવની સ્થાપના થાય
(E) Not attempted

**183. લોકશાહીના મૂલ્યો કયા છે?**
(A) સમાનતા (B) સ્વતંત્રતા
(C) ન્યાય (D) A, B, C ત્રણેય (E) Not attempted

**184. નીચેનામાંથી કયું સ્થાનિક સ્વશાસનની સરકારનું મહત્વ સ્પષ્ટ કરે છે?**
(A) પક્ષના હિતને પ્રાધાન્ય (B) કાર્ય વિભાજન
(C) લોકમત ઘડતર (D) વારંવાર ચૂંટણી (E) Not attempted

**185. સ્થાનિક સરકારમાં શું હોય છે?**
(A) સત્તાનું વિકેન્દ્રીકરણ (B) સતાનું કેન્દ્રીકરણ
(C) ભ્રષ્ટાચાર મુક્ત શાસન (D) A, B, C ત્રણેય (E) Not attempted

**186. વિશ્વના કયા દેશમાં બંધારણીય રાજાશાહી છે?**
(A) અમેરિકા (B) ફ્રાંસ
(C) બ્રિટન (D) રશિયા (E) Not attempted

**187. ગામની જમીનના સહિયારા માલિકી હક્કોનો દાવો કરતાં જમીનદારો કે જમીનદારોના કુંટુંબના વડા સાથે સરકારે મહેસુલ ઉઘરાવવા માટે કરેલી સમજૂતી કયા નામથી ઓળખાતી?**

(A) રૈયતવારી પ્રથા (B) મહાલવારી પ્રથા

(C) જમીનદારી પ્રથા (D) કાયમી જમાબંધી (E) Not attempted

**188. ગામડાની વિવિધ જ્ઞાતિઓ વચ્ચે રહેલા આર્થિક, સામાજિક અને વિધિવિષયક બંધન સૂચવતી પ્રથા એટલે:**

(A) સામંતવાદી પ્રથા (B) જમીનદારી

(C) જજમાની (D) સંસ્થાનવાદી (E) Not attempted

**189. બ્રિટીશ શાસન વખતે જમીન સુધારણાની અસરોના નામે જમીનથી કોને વિમુખ કરી દેવામાં આવ્યા હતા?**

(A) સામંતો (B) શાહુકારો

(C) ગણોતિયાઓ (D) જમીનદારો (E) Not attempted

**190. કયા દશકાને હરિયાળી ક્રાંતિનો દશકો તરીકે ઓળખાય છે?**

(A) 1950 (B) 1960

(C) 1970 (D) 1980 (E) Not attempted

**191. ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ વર્ષ .................થી અમલી થયો.**

(A) 1960 (B) 1970

(C) 1980 (D) 1990 (E) Not attempted

**192. ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા સુધારા અધિનિયમ વર્ષ .................થી અમલી થયો.**

(A) 1970 (B) 1971

(C) 1972 (D) 1973 (E) Not attempted

**193. મધ્યયુગના સમયે ગ્રામીણ વસ્તીમાં વંશપરંપરાગત સેવા આપતો કયો વર્ગ હતો?**

(A) જમીન-માલિક (B) કારીગર

(C) શાહુકાર (D) બંધવા ખેતમજૂર (E) Not attempted

**194. ખેતીનું વ્યાપારીકરણ ક્યારથી શરૂ થયું?**

(A) વૈદિક યુગ (B) મધ્ય યુગ

(C) બ્રિટીશ સમય (D) આઝાદી પછી (E) Not attempted

**195. જમીનના ટુકડાઓ ઉપર જમીનદારોને વારસાઈ માલિકી હક્કો આપવામાં આવ્યા તેને કઈ પ્રથા તરીકે ઓળખવામાં આવે છે?**

(A) રૈયતવારી (B) કાયમી જમાબંધી

(C) શાહુકારી (D) સામંતશાહી (E) Not attempted

**196. બિનસરકારી સંસ્થાઓના પ્રકાર કેટલા છે?**

(A) એક (B) બે

(C) ત્રણ (D) છ (E) Not attempted

**197. બિન સરકારી સંસ્થાઓ કયા કયા કાર્યો કરે છે?**

(A) સામાજિક વિકાસના કાર્ય (B) પર્યાવરણ સંરક્ષણનું કાર્ય

(C) શૈક્ષણિક કાર્ય (D) ઉપરોક્ત તમામ (E) Not attempted

**198. કઈ એનજીઓ લોકોમાં દાન અને સહાયના માધ્યમથી પૂંજી ભેગી કરે છે?**

(A) કલ્યાણલક્ષી એનજીઓ (B) ચેરિટી

(C) સશક્તિકરણ એનજીઓ (D) ઉપરોક્ત તમામ (E) Not attempted

**199. કયા અધિનિયમ હેઠળ એનજીઓ ભારતમાં ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવી શકે છે?**

(A) સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, 1860 (B) ભારતીય ટ્રસ્ટ અધિનિયમ, 1882

(C) કંપની એક્ટ, 2013 (D) આવકવેરા અધિનિયમ, 1961

(E) Not attempted

**200. નીચેનામાંથી કયું સંસાધન એકત્રીકરણ (Resource Mobilization) નું ઉદાહરણ છે?**

(A) નાણાકીય ઓડિટ હાથ ધરવા (B) CSR ભંડોળ માટે અરજી કરવી

(C) ટ્રસ્ટ ડીડનો મુસદ્દો તૈયાર કરવો (D) વેબસાઇટ બનાવવી

(E) Not attempted

**201. કયો દસ્તાવેજ એનજીઓના ઉદ્દેશ્યો અને અવકાશની રૂપરેખા આપે છે?**

(A) આર્ટિકલ્સ ઓફ એસોસિએશન (AoA) (B) મેમોરેન્ડમ ઓફ એસોસિએશન (MoA)

(C) ટ્રસ્ટ ડીડ (D) નાણાકીય અહેવાલ

(E) Not attempted

**202. "બિન-સરકારી સંસ્થા" અથવા "એનજીઓ" શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ક્યારે થયો હતો?**

(A) 1945 (B) 1957

(C) 1954 (D) 1944 (E) Not attempted

**203. __________ અભિગમમાં એવી સંસ્થાઓનો સમાવેશ થાય છે, જે પરિવાર નિયોજન, આરોગ્ય સંભાળ અને શિક્ષણને આગળ વધારવા માટે ઝુંબેશ ચલાવે છે.**

(A) ધર્માદા (B) સશક્તિકરણ

(C) સહભાગીતા (D) સેવા (E) Not attempted

**204. સહકારી ક્ષેત્રમાં શ્વેતક્રાંતિ 2.0 અંતર્ગત સરકાર દ્વારા વર્ષ 2028-2029 સુધીમાં પ્રતિ દિન કેટલા લાખ કિલોગ્રામ સહકારી દૂધ સંકલન લક્ષ્ય રાખવામાં આવ્યું છે?**

(A) 660 (B) 720

(C) 780 (D) 1007 (E) Not attempted

**205. દેશમાં વર્ષ- 2025 સુધીમાં કેટલી સહકારી સમિતિઓ બની છે?**

(A) 8 લાખથી વધુ (B) 9 લાખથી વધુ

(C) 10 લાખથી વધુ (D) 11 લાખથી વધુ (E) Not attempted

**206. સરકારે કેટલી આવક વાળી સહકારી સમિતિઓ માટે કર રાહત 12% થી ઘટાડીને 7% કરવામાં આવ્યો?**

(A) 1 લાખ થી 10 લાખ (B) 11 લાખ થી 50 લાખ

(C) 50 લાખ થી 1 કરોડ (D) 1 કરોડ થી 10 કરોડ (E) Not attempted

**207. 'સહકાર સે સમૃદ્ધિ' નો વિચાર કોના દ્વારા આપવામાં આવ્યો છે?**

(A) રાષ્ટ્રપતિશ્રી (B) ઉપ રાષ્ટ્રપતિશ્રી

(C) પ્રધાનમંત્રીશ્રી (D) ગૃહમંત્રીશ્રી (E) Not attempted

**208. સહકારી ક્ષેત્રમાં આવનારા પાંચ વર્ષમાં દેશના કયા ક્ષેત્રને આવરી લઈ બે લાખ જેટલી નવી ડેરી અને મત્સ્ય ઉદ્યોગ સહકારી સમિતિઓનું ગઠન કરવાનું સરકારનું લક્ષ્ય છે?**

(A) પંચાયતો/ગામો (B) નગર પંચાયતો

(C) તાલુકા પંચાયતો (D) જિલ્લા પંચાયતો (E) Not attempted

**209. નાબાર્ડ શું છે?**

(A) વિકાસ બેંક (B) સહકારી સમિતિ

(C) કૃષિબેંક (D) (A), (B), (C) ત્રણેય (E) Not attempted

**210. નાબાર્ડની સ્થાપના ક્યારે થઈ હતી?**

(A) 1980 (B) 1982

(C) 1983 (D) 1984 (E) Not attempted